સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પાટીદાર વિરોધમાં ભાજપ ભેરવાઈ જશે!
ખોરવાઈ જશે વિકાસ, સત્તા સેરવાઈ જશે!
મેરવાઈ જશે એકતા અંગત-વેર-ઈર્ષામાં, -
'આનંદી' વાતાવરણ, શોકમાં ફેરવાઈ જશે?!

હાઈકુ

ફર્યા કરે છે,
'મર્યાદા'ના વર્તુળે
આ પરિકર..
(કંપાસનું સાધન!)

ભેદ નીતિથી
'પટેલ' એકતામાં -
પડાવ્યાં તડાં..
('સમિતિ'માં આમંત્રણ)

ચિંતન

પર દાર પર દ્રવ્ય પર દ્રોહ પરાંગ મુખઃ । ગંગા બ્રૂતે કદાગત્ય મામયં પાવયિ ખ્યતિ ॥

'પારકી નારી, પારકું દ્રવ્ય અને પારકાનો દ્રોહ - આ ત્રણ બાબતોથી જે તદ્દન વિમુખ છે તેવો માણસ (જે પવિત્ર છે તે) ક્યારે આવી ને મન પવિત્ર કરશે? એમ ગંગા કહે છે.'

ગંગાજી સ્વર્ગ પરથી ભગવાન શિવના મસ્તકે પધાર્યા અને ત્યાંથી 'હિમાલય' પર અવતરણ થયું એને દુર્જન લોકોના પાપ ધોઈ એમને પવિત્ર કરવાનું - કાર્ય સોંપવામાં આવ્યું. ગંગાજી એટલાં પવિત્ર છે કે બધાના પાપ ધોઈ-મુક્ત કરે છે. ઘણીવાર એકને એક કામ કરી થાકી જવાય - કંટાળી જવાય.

ગંગાજી પણ જાણે આ પાપો ધોઈને થાક્યાં હોય ત્યારની આ કાલ્પનિક ઉક્તિ છે. ગંગાજી એવા પવિત્ર-સંત-સજ્જનની રાહ જુએ છે જે પવિત્ર જીવન જીવતો હોય અને આવો સજ્જન મારામાં 'સ્નાન' કરે તો હું લોકોના પાપ ધોઈ ધોઈ 'મેલી' થઈ છું તો આવા સજ્જનના સ્નાનથી હું પણ પવિત્ર થઈ જાઉં.

આવો સજ્જન ક્યારે આવશે?

સુવિચાર

- હોડી ડૂબી નસીબથી, દરિયો તો દેવ છે... હે મન!!
  પાડવા જેવી આ ખારવાની ટેવ છે... - **રાજેશ વ્યાસ**
- પ્રારબ્ધ એ ઈશ્વરનું ઉપનામ છે, પ્રભુ જે કૃતિને પોતાનું નામ નથી આપવા માંગતો તેને તે પ્રારબ્ધનું તખલ્લુસ અર્પણ કરે છે - **સંત રોબિન**
- નાસ્તિકતા માણસના હૃદયમાં નહીં હોય એટલી હોઠ પર હોય છે - **મોરારિ બાપુ**
- ઈમાનદારી વગરનું શાણપણ એ ફક્ત છેતરપીંડી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પૃથ્વી પર જો કોઈ નરક હોય તો તે ઉદાસ, નિરાશ વ્યક્તિના હૃદયમાં છે - **સંત રોબિન**
- બચાવેલો પૈસો બે વાર મળે છે - **ઝેન કથન**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

દેવો અને દાનવો, (સમાજમાં) બધાને અમૃત તો ખપે જ છે, પણ 'અમૃત' પામવા પહેલાં ખૂબ જ પરિશ્રમ સાથે મનો-મંથન કરવું પડે છે. ભગવાન વિષ્ણુનો આધાર-પાયામાં રાખી પ્રયત્નો કરવા જોઈએ. સંસારના ઝેર પણ પીવાં પડે. પછી જ અમૃત મળે.

આ વાત સમજાવવા માટે પૌરાણિક 'સમુદ્ર મંથન' નો પ્રસંગ છે. દેવો-દાનવો એ અમૃતમંથન કરવા, ભગવાન વિષ્ણુએ કાચબાનું સ્વરુપ લઈ આધાર બન્યા મંદાર પર્વત વલોણો થયો અને વાસુકી નાકનું રવૈયો - દોરડું થયું. સમુદ્રનું મંથન થયું અને અંદરથી ચૌદ રત્નો નિકળ્યાં - ૧. હલાહલ ઝેર, ૨. ઐરાવત, ૩. સુરભિ ગાય, ૪. કૌસ્તુભ મણિ, ૫. આયુર્વેદ ગ્રંથ - ચરક, ૬. કલ્પ વૃક્ષ, ૭. શ્વેત ઘોડો... વગેરે છેલ્લે 'અમૃત' નિકળ્યું. બધાં મળી ચૌદ રત્ન નીકળ્યાં. જેને માટે દેવ-દાનવો વચ્ચે યુદ્ધ થયું.

જીવનમાં પણ મંથન, પરિશ્રમ કરવું પડે પછી જ 'લક્ષ્મી' અને 'અમૃત' મળે, સંસારમાં આવતા કટુ-વેદનાસભર ઝેર જેવા પ્રસંગો ને પણ 'કંઠ'માં રાખી નીલકંઠ થવું પડે.

દુઃખ-નિરાશા અને વેદનાઓ સહન કરવી પડે દુષ્ટ તત્ત્વોના માથાં પણ કપાય. તકલીફો પછી જ 'અમૃત'ની પ્રાપ્તિ થઈ શકે છે.

કણબી પાછળ કરોડ : જગતના તાતનો ધ્રુજારો

તંત્રીસ્થાનેથી....

છેલ્લા કેટલાક વખતથી ગુજરાતના પાટીદારોએ અનામતનો બૂંગિયો ફૂંક્યો છે. શરુ શરુમાં એમ લાગતું હતું કે ચાના ઊભરાની જેમ આ 'છોકરડાનું આંદોલન' શમી જશે. સરકાર સહિત બધા જ ઊંઘતા ઝડપાયા છે. પાટીદાર આંદોલન કોઈ નવરાં છેલબટાઉ છોકરાનું આંદોલન નથી. એ વર્ષોથી ભેગી થયેલી વેદનાનો વિસ્ફોટ છે. પાટીદાર તે વળી અનામત માગે? આખા જગતનો તાત ગણાયેલો ખેડૂતનો દીકરો સરકાર સામે હાથ લંબાવે? - આવા સવાલો ત્યારે પણ ઊઠતા હતા, હજી આજે પણ ઊઠતા હશે. પરંતુ આ તો સમયની બલિહારી છે. ખેડૂતને જગતનો તાત કહી બિરદાવ્યો હશે ત્યારે સંજોગો જુદા હતા. ખેતી ઉત્તમ ગણાતી, વેપાર મધ્યમ મનાતો અને નોકરી કરનારને નીચી નજરે જોવાતો. આજે સમય બદલાતાં એથી સાવ જ ઊલટી પરિસ્થિતિ પ્રવર્તે છે. નોકરી મેળવવા માટે ખેડૂતનો દીકરો જમીન વેચવા તૈયાર થઈ જાય છે. જમીનને થોડાં જ બટકાં ભરી શકાય છે? વળી ખેતી પાછળ જે કાળી મહેનત મજૂરી અને ખાતર-પાણી તથા બિયારણનો ખરચ થાય છે, તેના પ્રમાણમાં ઉત્પાદન સંતોષકારક નથી બેસતું. ક્યારેક તો ખરચેલાં નાણાં પણ માથે પડે છે. ખેતીમાંથી ધાર્યું ઉત્પાદન તો ઈઝરાયલ જેવા વૈજ્ઞાનિક ઢબે ખેતી કરનારા દેશોમાં જ લઈ શકાતું હશે. આપણો ખેડૂત દુનિયાના બીજા ખેડૂતોની સરખામણીમાં ઘણો પછાત છે. એ રાતપરોઢિયાં કરીને માંડ બે સાંધા મેળવી શકે છે. એટલે દિવસે દિવસે ખેડૂત વર્ગ ખેતી છોડી અન્ય વ્યવસાયો ભણી વળી રહ્યો છે. ગામડાં ભાંગી રહ્યાં છે. શહેર તરફ ધસારો વધ્યો છે. દેવું કરીને, જૂઠું બોલીને ખેડૂતનાં સંતાનો પરદેશમાં ઘૂસવા કોશિશ કરે છે. પાટીદાર સમાજમાં પચ્ચીસ-ત્રીસ ટકા લોકો જરુર પ્રગતિશીલ અને ખાધેપીધે સુખી હશે, પરંતુ સવારથી સાંજ વેગળી હોય એવો પણ એટલો જ મોટો સમુદાય છે. અનામતની આંધીમાં પાટીદાર સમાજ અગાઉ સામે પક્ષો હતો, કારણ કે એ જાણતો હતો કે વંચિત વર્ગોને અનામતનો લાભ મળતો થશે એથી પોતાની તકોમાં ધરખમ ઘટાડો થવાનો છે. સરકારો અને અદાલતોએ પછાત જ્ઞાતિઓની માગણીઓ સ્વીકારી એથી જે - તે સમાવેશ પામેલી જ્ઞાતિઓને થયેલ લાભ પાટીદાર સમાજની વર્તમાન પેઢીએ નજરોનજર જોયો છે. એનો લાભ મેળવનાર પછાત વર્ગોના સહિયારા બળ સામે પાટીદારોએ મોરચો માંડીને ગુજરાતમાં જેની ડિપોઝીટ સુદ્ધાં નહોતી બચતી એવા હિંદુત્વવાદી જનસંઘના નવા અવતાર જેવી ભારતીય જનતા પાર્ટીનું સમર્થન કર્યું. પાટીદાર સમાજના ટેકાથી જ ભારતીય જનતા પાર્ટી આજે છેલ્લાં વીસ-પચ્ચીસ વર્ષથી શાસનમાં આવેલી છે. સ્વાભાવિક છે કે પોતાના સમર્થનથી ચૂંટાયેલી સરકાર માટે પાટીદાર સમાજ પોતાનાં બાળકો માટે વિશેષાધિકાર નહીં તો ન્યાયની માગણી તો કરે જ. પાટીદારો આટલી મોટી સંખ્યામાં સ્વયંભૂ રીતે ઊમટી પડે છે, તેમાં એમની આ ન્યાય નહીં મળ્યાની પીડા જ પ્રતિબિંબિત થઈ રહી છે. ધાર્મિક સંસ્થાનોની અપીલને કે પાટીદાર મંત્રીઓના આશ્વાસનને નહીં ગાંઠનારા પાટીદાર યુવાનોને એમના ધૂંધળા ભવિષ્યની ચિંતા છે. સામે એમના જ સમર્થનથી ચૂંટાયેલી સરકાર અંદરખાને એમની આ માગણીઓ મહદંશે વાજબી હોવાનું સ્વીકારતા હોવા છતાં અદાલતે બાંધી આપેલી મર્યાદાને કારણે મજબૂર છે. પાટીદારોની દેખાદેખીમાં અન્ય સમુદાયો પણ અનામતની માગણી કરવા લાગ્યા છે. સરકાર માટે આ સમસ્યાનો ઉકેલ ભારે શિરોવેદના સરજી રહ્યો છે. કણબી પાછળ કરોડ જણનું પોષણ થતું હતું. આજે એ જ કણબી એનો હક માગી રહ્યો છે ત્યારે પરિસ્થિતિ વિસ્ફોટક બને એ પહેલાં વહેલી તકે કોઈ સર્વમાન્ય સમાધાન શોધી લેવાની જરુર છે.

મજા પડે તો તરત મિજાજ બદલું છું, ન આંખ બદલું ભલે પણ અવાજ બદલું છું : રાજેન્દ્ર શુક્લ

વિચારોના મધુવનમાં

પ્રો. રાકેશ પટેલ

ગઝલવિશ્વના ૨૦૦૭ના અંકમાં વિનોદ જોશીએ અમૃત ઘાયલનો સાક્ષત્કાર લીધો હતો. અમૃત 'ઘાયલ ને વિનોદ જોશીએ પૂછ્યું કે સમગ્ર કાવ્યપદાર્થ વિશે તમારી વિભાવના શું છે? ઘાયલનો જવાબ હતો : 'સત્યમ્ શિવમ્ સુંદરમ્'. આ વાત હું રસશાસ્ત્રના સંદર્ભમાં કરી રહ્યો છું. જયાં અનુભૂતિની સચ્ચાઈ સત્ય હોય ત્યાં કૃતિને ઉપકારક એવું મંગળ અને સુંદર તત્ત્વ હોય જ. બીજા એક પ્રશ્નના જવાબમાં કહે છે. 'ઘણી વેળા કોઈ દ્રશ્ય, ઘટના, અરે એક શબ્દ પણ મારા હૃદયને ચોટ લાગી છે ત્યારે એ ચોટ જ આમ તો પ્રેરણાનો મુખ્ય સ્રોત બની ગઈ છે ગઝલ લખતી વખતે હું સંવેદનાને આત્મસાત્ કરી લગભગ ખોવાયેલો રહું છું. ચિત્તની એકાગ્રતામાં લીન થતો જાઉં છું; જેને તુરિયાવસ્થા અથવા સવિકલ્પ સમાધિ કહે છે તેવી સ્થિતિમાં મુકાઈ જતો હોઉં છું . ૧૯૪૪ માં રચાયેલી અમૃત ઘાયલની ગઝલનો એક શેર માણવા જેવો છે.

નજર કીધી ન કીધી ત્યાં નજર ફેરવી બેઠાં;
અહીં બગડી ગઈ દુનિયા બનીને મારી પળભરમાં

ગઝલ કેમકેમ લખાય છે તે જાણવા શોધ ખૂબ થઈ, પણ છેવટે કોઈ એકે શોધી કાઢ્યું કે : 'પથ્થર પર જેમ મૂર્તિ કોતરાય છે તેમ હૃદય પર ગઝલ ઉઝરડાઈને અંકિત થઈ જાય છે. બાદશાહો પણ વાહવાહ બોલી ઉઠે અને સેવકો પણ મલકી ઉઠે તે ગઝલ. ગઝલ એક નાનકડી શેરીમાં નીકળેલી ગોવાલણ જેવી છે જે છમછમ કરતી આવે અને રક્તપગલા દોરતી જાય. કોઈથી છાની રહે તે ગઝલ નહીં. કોઈના ખોળામાં આળોટે અને કોઈના હૃદયને વીંધી નાખે તે બીજી કોઈ નહિ ગઝલ જ હોઈ શકે.

ગઝલ એટલે તો પ્રેમની વાતો. રાજેન્દ્ર શુક્લની ગઝલોમાં પ્રેમ વિશે ઘણા શેર છે. પરંતુ તેમની એક જ ગઝલમાં પ્રેમ શબ્દ ત્રણ વાર આવ્યો છે. અન્ય સાડાચારસો ગઝલમાં એ પ્રેમ શબ્દ ફરી આવતો નથી. પ્રેમ શબ્દ આવતો એ શે ર આ રહ્યો.

શબ્દો રટું સતત કે રહું માત્ર મૌનભેર,
એક જ થવાનો અર્થ હવે પ્રેમ પ્રેમ પ્રેમ

બીજી એક ગઝલમાં જૂનાગઢનું ખેંચાણ અને વિરહ છવાઈ જાય છે.

પુકારો ગમે તે સ્વરે હું મળીશ જ,
સમયના કોઈ પણ થરે હું મળીશ જ.
હતો હું સુદર્શન સરોવર છલોછલ,
હવે કુંડ દામોદરે હું મળીશ જ.

માનવનો ઈતિહાસ ખુશીઓના ઝરણાથી અને પીડાના પહાડોથી રચાયો છે. કવિતા, નાટક અને ગઝલે પીડાને ઝીલવાની ધરપત આપી છે. એકાંતી રાતને પ્રસન્નતાનાથી તરબોળ કરવાની તાકાત ગઝલમાં છે. ગઝલના બે ટીંપા આંખોમાં આંજવાથી દુનિયાની સુરત બદલાઈ જાય છે. કોઈની જરૂર નહિ બસ ગઝલની સાહ્યબીના સહારે અવતાર નભી જાય એવું લાગે ત્યારે સમજવાનું કે તમારું કોઈ નથી છતાં બધા તમારા છે.

કેટલાક નશો કરી શાંતિ મેળવવા વલખા મારે છે, પણ ખરી તડપ તો ગઝલના કાંટામાં છે જે હૃદયના પોલાણમાં ભોંકાયેલ કાંટાને બહાર ખેંચી કાઢે છે. ગઝલવિશ્વ આપણી આસપાસ રોજ રચાય છે પણ દેખાતું નથી કારણકે તેને જોવાની દ્રષ્ટિ આપણે ગુમાવી ચુક્યા છીએ. જીવનનો એક અંશ પણ પીડા સાથે જોડાય એટલે ગઝલને પાંખો ફૂટે!

રાજેશ વ્યાસ 'મિસ્કીન ગઝલને વિશે કહે છે : 'કલાની વિશેષતા એ છે કે તેમાં આપોઆપ જ સૌંદર્ય, વિસ્મય, સત્ય, પ્રેમ અને ધર્મ આવી જાય. કલામાં આ તત્ત્વો દર્શનનું કે પ્રતીતિનું રૂપ લઈને આવે છે. તત્ત્વજ્ઞાન કે ફિલસૂફીમાં એ અલગ ચર્ચાવિષયો કે ચિંતનવિષયો છે, પરંતુ ગઝલ જેવી કલામાં એ અનુભૂત તત્ત્વ છે. આ કલા માત્રની વિશેષતા છે. જેમ ઋષિઓને ઋચા ફાવી ભક્તોને ભજન ફાવ્યું એમ સૂફિઓને અને પ્રેમીઓને ગઝલ બહુ ફાવી છે, અને ભાવી છે. વ્યાપક રીતે ગઝલ માનવધર્મી પ્રકાર છે. એ માનવના મૂળતમ ધર્મને તાકે છે. ગઝલમાં આવતો એ પ્રેમ ગહન અધ્યાત્મથી માંડીને પ્રિયાનુરાગ સુધીના

અનુસંધાન પાના નં. ૭ પર

તમે કયા પિતાની વાત કરો છો બાપુજી? પિતા તો એ હોય છે જે પોતાના સંતાનનું દુઃખ, સંતાપ સમજી શકે, તેને તેમાં સહાય કરી હૈયાધારણ આપે

નવાં કલેવર

નટવર હેડાઉ

અમરસિંહને ત્યાં હૃદયવિદારક ચીસો અને રૂદન સંભળાઈ રહ્યું હતું. આખું કુટુંબ હૈયાફાટ રૂદન કરતું હતું. જોર જોરથી રડીને આક્રંદ કરતાં કરતાં કુટુંબનાં કોઈ કોઈ સભ્ય બેભાન થઈ જતા હતા. પણ ત્યાં ભેગા થયેલા લોકો તેમના મોં પર પાણી છાંટી છાંટી ખુબ જ પ્રયત્ન પૂર્વક તેમને ભાનમાં લાવવા લાગતા હતા.

આ રડારોળ સાંભળીને સોસાયટીના બીજા સ્ત્રી-પુરુષો પણ શું થયું છે તે જાણવા અમરસિંહના ઘરે ભેગા થઈ ગયા હતા. પણ ઘરમાંથી આવી રહેલ પીડા-વ્યથા અને દર્દભર્યા અવાજો સાંભળી અંદર જવાની કોઈની હિંમત થતી ન હતી. બધા આનું કારણ જાણવા ઉત્સુક હતા. છેવટે ઘરમાંથી એક માણસ બહાર આવ્યો. એટલે ત્યાં ઊભેલ બધા એની તરફ ધસી ગયા. 'અરે! ભાઈ શું થયું છે?' બહાર આવનાર વ્યક્તિ ખૂબ જ વ્યથિત શોક ભર્યા સ્વરે બોલ્યો. 'અમરસિંહનો એકનો એક દિકરો અકસ્માતમાં ચાલ્ય ગયો.' આ સાંભળી ત્યાં ઊભેલાં સૌની આંખો ભીંજાઈ આવી. એક જણે પુછ્યું આવું કઈ રીતે બન્યું. સવારે તો મેં તેને બાઈક લઈને નોકરી પર જતાં જોયો હતો.

'હા, સવારે એ નોકરી કરવા સ્કૂલે ગયો હતો. બપોરે નોકરી પરથી પાછો ફરતો હતો ત્યારે નજરે જોનારનું કહેવું છે કે તેણએ એક મોટી ટ્રકને રસ્તા પર સામે આવતી જોઈ. ટ્રક રસ્તામાં ઘડીક આ બાજુ અને ઘડીક પેલી બાજુ ફંટાતી હતી. ડાઈવરે ટ્રક પર કાબૂ ગુમાવી દીધો હોય એમ લાગતું હતું. પંકજે ટ્રકને આમ ભયાનક રીતે આવતી જોઈને બાઈકને સાઈડમાં લઈ રસ્તાની બાજુમાં ખસી ઊભો રહી ગયો. પણ થવાકાળ હોય તેને કોણ બચાવી શકે. ટ્રક તેની નજીક આવતાં પલ્ટી મારી તેના પર ધસી આવી અને તે કચડાઈ ગયો. ત્યાં જ તેનું પ્રાણપંખેરું ઊડી ગયું.' કહેતા કહેતાં એ માણસને છીંક આવી. રૂમાલથી એ નાક લુંછવા લાગ્યો. નજરે જોનાર વ્યક્તિએ તરત જ પોલીસને ખબર આપી. પોલીસ આવી ટ્રક ડ્રાઈવરને પકડી લીધો. તેણે દારૂ પીધેલો હતો. પોલીસે પંકજની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી. તેના મોબાઈલમાંથી ઘરનો નંબર મળતાં ઘેર જાણ કરવામાં આવી. આ સાંભળી બધાના ચહેરા પર દુઃખની લાગણી ઊભરાઈ આવી. કેમ કે અમરસિંહ ખૂબ સેવાભાવી હતા. સોસાયટીમાં કોઈને પણ કંઈ તકલીફ હોય તો એ તરત મદદ માટે દોડી જતાં. અપંગોની મદદ કરવામાં પણ ક્યારેય પાછા ન પડતા. કુદરતે તેને કેવું દુઃખ આપી દીધું. સોસાયટીનાં રહીશોએ સાથે મળી પંકજના અગ્નિ સંસ્કાર કરી દીધાં.

સમય વિતવા લાગ્યો. અમરસિંહ અને તેનું કુટુંબ આ અસહ્ય આઘાતમાંથી બહાર આવી રહ્યું હતું. પ્રકૃતિના ક્રૂર પ્રકોપની નિયતિને હવે ત્રણે જતાંએ સ્વીકારી લીધી હતી. તે દિવસે અમરસિંહ સવારમાં ફરીને પાછા આવ્યા ત્યારે તેમના પત્ની આનંદીબા બહાર બેઠાં હતા. સવારના સૂરજના કોમળ કિરણો આંગણામાં પથરાઈ રહ્યાં હતા. મંદ મંદ પવન વાતો હતો. પ્રતિમા અંદરથી બે કપ ચ્હા લઈને બહાર આવી. ચ્હા આપીને અંદર જતી રહી. આનંદીબાને ડાયાબીટીસ હતું. તે મોળી ચ્હાનો ઘુંટડો ભરતાં બોલ્યા. 'મારાથી પ્રતિમાની આ હાલત જોવાની નથી. કપાળે ભૂંસાયેલ ચાંદલો અને સેંથામાં સિંદૂર વગરનો તેનો ચહેરો જોયાં હૈયું ભરાઈ આવે છે. આપણે તો રહ્યાં પાકું પાન, ગમે ત્યારે ખરી જઈએ. આ બિચારીની સામે તો પહાડ જેવી જિંદગી પડી છે. એ શું કરશે?'

'તો એનું કંઈક કરવું જોઈએ?' અમરસિંહે કહ્યું.

'મને એમ થાય છે કે એનાં પુનઃલગ્ન કરાવી દઈએ.' એમ કહેતાં આનંદીબાએ અમરસિંહની સામે જોયું.

પણ એ જવાબદારી તો તેના મા-બાપ અને ભાઈ વિગેરેની..

'એ બધાં જો આંધળાં-બહેરાં થઈને રહેતાં હોય તો આપણી જવાબદારી ખરી કે નહીં?'

આ સાંભળી અમરસિંહે કહ્યું, 'હું પણ ઘણા વખતથી આ બાબતમાં વિચારું છું.' 'તો વિચારવાનું શું? તેને અમલમાં મૂકો.'

'મને આપણા સમાજનો એક બીજવર યુવક ધ્યાનમાં છે. તેનાં લગ્ન થતાં છ મહિનામાં જ તેની પત્ની ગુજરી ગઈ છે. સારું કમાય છે. બીજવર છે પણ શરીર સૌષ્ઠવ સારું છે.' 'તો વાતને આગળ વધારો.' 'પણ આ બાબતમાં પ્રતિમાને પણ પુછવું પડેને' 'તો પુછીને એનું મન જાણી લો.'

'સારું તમારી સામે આ બાબતે તેને પુછીને સંમતિ મેળવી લઉં છું.' તેવામાં પ્રતિમા ચ્હાના ખાલી કપરકાબી લેવા બહાર આવી. તે કપરકાબી લઈ અંદર જતી હતી ત્યાં અમરસિંહે કહ્યું. 'બેટા મારી એક વાત સાંભળ.' પ્રતિમા તેમની તરફ ફરી. અમરસિંહે કોઈ પણ જાતની પૂર્વ ભૂમિકા બાંધ્યા વગર તેમની સમક્ષ પ્રસ્તાવ મૂક્યો. આ સાંભળી પ્રતિમા અવાક્ થઈ તેમની સામે જોઈ રહી. પછી પળભર માટે માથું નમાવી આંગણાની જમીનને અંગુઠાથી ખોતરવા લાગી. અમરસિંહે તેને ફરી પુછ્યું. 'હાં, બેટા આ બાબતે તારો નિર્ણય શું છે?' 'તમે જે કરશો એ મારા સારા માટે જ કરશો ને' એમ કહેતી પ્રતિમા ખાલી કપરકાબીઓ લઈ રસોડામાં ચાલી ગઈ. અમરસિંહનું આ કથન સાંભળી તેની ચાલમાં એક અનોખો ઉત્સાહ-ઉમંગ અને આવેગ જણાયો. તેની આંખોમાં ફરી એક સુખમય જીવનના પ્રારંભના દિવડાનું તેજ ઝગમગી રહ્યું હતું.

'તો પ્રતિમાના બાપુની પણ આ બાબતે સંમતિ લઈ લેવી જોઈએ.' આનંદીબાએ અમરસિંહને યાદ કરાવ્યું.

'હું તો એ ભૂલી જ ગયો. એમને પણ પુછવું તો પડે.' અમરસિંહે પરાક્રમસિંહને ફોન લગાવ્યો. રાજીખુશીના ખબરઅંતર પુછ્યા પછી મુખ્ય મુદ્દાની વાત કરી. અમરસિંહની વાત પુરી સાંભળ્યાં પહેલાં જ એ ભડક્યાં. 'તમે આ શું વાત કરો છો વેવાઈ, આપણા સમાજમાં આવું ક્યારેય થયું છે?'

અમરસિંહ પ્રતિમાના ભવિષ્યની વાત કરતાં કહ્યું 'વેવાઈ તમે કઈ દુનિયામાં જીવો છો? જમાનો બદલાઈ ગયો છે. આપણા સમાજમાં આવાં ઘણાં લગ્નો થવા લાગ્યાં છે. સમાજ પણ પોતાની રૂઢ માન્યતાઓ છોડી હિચકિચાટ વગર સંમતિ આપી રહ્યો છે.'

'તમે તો સમાજમાં મારું નાક કપાવા બેઠા છો, મારી આબરૂને કલંક લગાડવા માંગો છો. ના.. ના.. હું એવાત સાથે બિલકુલ સંમત નથી. તમને પ્રતિમા બોજારુપ લાગતી હોય તો મારે ત્યાં મુકી જાવ. એમ કહી તેમણે મોબાઈલ કાપી નાંખ્યો.' અમરસિંહ પહેલેથી જાણતા હતા કે પરાક્રમસિંહ જુનક રૂઢીવાળી વિચારવાળા છે. તેમણે આનંદીબાને બધી વાત કરી. આનંદીબાએ કહ્યું, 'પુછવાની આપણી ફરજ હતી. તે પુરી થઈ. હવે આ બાબતે પ્રતિમા સંમત છે તો કામ આગળ વધારો, મીંયા બીબી રાજી તો ક્યાં કરેગા કાજી?'

અમરસિંહે સારો દિવસ જોઈ યુવકને તેમજ તેના માતાપિતાને જાણ કરી મુર્હુત જોવડાવી લીધું. તે મુજબ યુવકના માતાપિતા જાન લઈને અમરસિંહના ઘેર આવી ગયા. અમરસિંહ દિકરીના અસલી પિતાની જેમ પ્રતિમાના પુનઃલગ્નના બધા રીતિરિવાજો પુરા કર્યા. અને પ્રતિમાને પોતાની દિકરીની જેમ વિદાય કરી. થોડા દિવસ પછી પ્રતિમા પોતાના પતિ સાથે અમરસિંહને ત્યાં આવી. તે બંનેને જોઈને અમરસિંહ અને આનંદીબા ખુબ ખુશ થયાં. તેમને એમ લાગ્યું કે પ્રતિમાના પુનઃલગ્ન કરાવીને એક બુઝતા દિપને પુનઃ પ્રજ્જવલિત કરી એક પુનિત કામ કર્યું છે. બંનેને ચ્હા નાસ્તો કરાવ્યા પછી અમરસિંહે પ્રતિમાને પુછ્યું, 'બેટા તારા પિયરથી સીધી અહીં આવી.'

અનુસંધાન પાના નં. ૭ પર

પોર્નસાઈટની પાબંદી...!! બતાના ભી નહીં આતા, છુપાના ભી નહીં આતા...!!

અજવાળું ભાળીને થોડો છળી ગયો છું, આગળના ખાંચામાં ખોટો વળી ગયો છું!
છાનુમાનું ફૂલ જરા શું સૂંઘી લીધું, ચણભણ થે કે ખુશબો સાથે હળી ગયો છું!

Hello ફ્રેન્ડસ

સંજય થોરાત

મધ્યમવર્ગના સુશિક્ષિત પરિવારનો ૧૩ વર્ષનો ઉત્કર્ષ, એણે લાઈબ્રેરીના વૉશરુમમાં આઠ વર્ષના પપ્પુને એની પેન્ટ કાઢવા કહ્યું... આ આખો કિસ્સો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો. આ વાતથી ગભરાયેલા પપ્પુએ બધી વાત એના મમ્મી-પપ્પાને કરી દીધી. એના પપ્પા ઘણાં મેચ્યોર્ડ હતાં, એમણે આ કિસ્સાને શાંતિથી પતાવીને પપ્પુને માનસિક સહયોગ પુરો પાડ્યો... ઉત્કર્ષના મા-બાપને એનું ધ્યાન રાખે એટલું કહીને વાત વાળી લીધી... ઉત્કર્ષના પરિવારમાં તો આ વાતથી ભૂકંપ આવી ગયો...

ઉત્કર્ષના ફેમીલી ફ્રેન્ડ ડૉકટર સુકેતુએ પપ્પુને ખાનગીમાં લઈ જઈ પ્રેમથી પૂછ્યું, 'ઉત્કર્ષ તારી સાથે શું કરવા માંગતો હતો?' પપ્પુ બોલ્યો, 'કશું નહીં ડૉકટર અંકલ, એને જોવું હતું કે સાઈટ પર બતાવે છે એવું બધાંને હોય છે, અને થાય છે.'

ડૉકટર બોલ્યાં, 'કઈ સાઈટ પર બેટા?'

'ઈન્ટરનેટની સાઈટ પર ઘણું બધું આ મિત્રો જુવે છે.' પપ્પુ બોલ્યો.

'તને આ બધી સાઈટ કેવી રીતે જોવા મળે છે?'

પપ્પુ બોલ્યો, 'સ્કૂલે અમને ટેબ આપ્યું છે, સોસાયટીના નાકે અમે વાઈ-ફાઈથી કનેક્ટ કરીએ છીએ. અને પછી એવી બધી સાઈટ જોઈએ છીએ. સ્કૂલમાં ટોયલેટમાં પણ અમારાથી મોટા કલાસના વિદ્યાર્થીઓ મોબાઈલ પર શું નું શું બતાવતા હોય છે. ડૉકટર એ વીડિયોમાં જે બતાવાય છે, એવું બધું ખરેખર હોય છે?'

●●●

આવું કોઈ પરિવારમાં બને એટલે મા-બાપના પગ તળેથી ધરતી ખસી જાય છે. બાળકો પર ગુસ્સો અને કકળાટ શરુ થાય છે.



સરકારે હવે ચાઈલ્ડ પોર્નોગ્રાફી સાઈટ્સ પર પ્રતિબંધ લાદવાનો નિર્ણય કર્યોછે! કેટલાંક વડિલોને એનાથી હાશકારો થયો છે. આવાં વિકટ પ્રશ્નો હલ કરવાની જવાબદારી સરકારે લીધી અને એના ઉપાય માટે કમર કસી છે એવું જોઈ વાલીગણને રાહત થઈ છે.

ટીવીના કારણે છોકરાઓ બગડે છે. એવી ચર્ચા થાય છે. પછી વીડિયો ગેમ્સ, ટેબ, મોબાઈલ આવ્યાં અને બાળકો પરનો કંટ્રોલ જ છીનવાઈ ગયો. આમ જોવા જઈએ તો આ બધાં ગેઝેટ્સનો ઉપયોગ દાદા-દાદીથી લઈ પૌત્રો સુધી બધાં જ કરે છે, પણ બગડે છે માત્ર છોકરાઓ જ, દોષનો ટોપલો એમના પર, એવું કેમ?

હવે, આ પોર્નસાઈટનું ઉદાહરણ લો, એના પર પાબંધી આવી છે, છતાંય અનેક છટકબારીઓ પણ રહેવાની. તો પછી પોતાના બાળકોને અધિક જવાબદાર અને સંયમી રાખવાની જવાબદારી કોની? એટલે મા-બાપની જ ને? પણ એ કેવી રીતે કરવું?

લૈંગિકતા માટેનુ ઉત્સુકતા એ કામસૂત્ર અને ખજુરાહોના જમાનાની છે. એક વિશિષ્ટ વય પછી પોતાના શરીરમાં અજાણતાં જ થતાં ફેરફારને જાણવાની ઉત્સુકતા બધાંને જ થાય એ સ્વાભાવિક પણ છે. પણ આ વિષય માટે લગભગ બધાંના ઘરમાં ગુપ્તતા પાળવાનો વણલખ્યો નિયમ છે... લૈંગિકતા બાબતનો કોઈ જવાબ અપાતો નથી... એટલે જો ગળું દુખાય છે, તારું ગળું લાલ થયું છે એવું બાળકને કહીએ એટલે તરત જ 'આઆઆ' કરીને અરીસા સામે ઊભો રહે જ છે ને?

પણ લૈંગિકતા બાબતે મા-બાપને કંઈ પૂછવાનો આટલો સંકોચ કેમ હોય છે? છોકરીઓમાં આવતાં 'માસિક' ને કારણે એનો માતા સાથે સંવાદ સધાઈ જાય છે. પણ, ટીનેજર્સ છોકરાઓ સાથે આ બધી વાતની ચર્ચાનો કોઈ પુલ બંધાતો જ નથી. ન તો દિકરો મા-બાપને પૂછવાની હિંમત કરે છે, ન તો માબાપ એને આ ચેઈન્જને સમજાવવાનું સૌજન્ય દાખવે છે... અને પછી શું થાય છે??

આ ઉત્સુકતાની શોધખોળ આરંભાય છે... પહેલાં ગ્રુપના મોટા છોકરા નાના છોકરાઓને એમનું જ્ઞાન વહેંચતા. પછી ધીમે ધીમે પોર્ન મેગેઝીન્સ બધાંએ વાંચવું ચાલું કર્યું. પછીના જમાનામાં વીડિયો લાઈબ્રેરીમાંથી બી.પી. કેસેટ્સ (જેને કોડવર્ડમાં ભારત-પાકિસ્તાન કે ભક્ત પ્રહલાદ જેવાં નામ અપાતાં) કૉલેજ હોસ્ટેલ્સમાં કે જેનાં મા-બાપ ઘેર ન હોય એમના ઘરે જઈને જોવાનું શરું થયું. પણ આ બધાંની ઉંમર ૧૪-૧૫ વર્ષથી ઉપરની હતી...

આજે તો આ ખજાનો દરેકના ખિસ્સામાં રહેલા મોબાઈલમાં આસાનીથી ઉપલબ્ધ છે. મોબાઈલ હવે તો ૭-૮ વર્ષના બાળકનાં હાથમાં પણ આવે છે, અને ખરી કરમ કહાની ત્યાંથી જ શરુ થાય છે. એ કુમળા બાળકના હાથમાં મા-બાપને ફોન હોય છે. એમાં મમ્મી-પપ્પાના વોટ્સ એપ પર શેર થેયલા પોર